આકાશવાણી, અમદાવાદ

25-07-2025 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

HARSH SANGHVI RAJKOT

રાજકોટમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 185 લોકોને નાગરિકતા સુધારા અધિનિયમ CAA અંતર્ગત ભારતીય નાગરિકતા આપવામાં આવી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર' એનાયત કરાયા.

આ પ્રસંગે શ્રી સંઘવીએ કહ્યું કે નાગરિકતા મેળવનાર લોકોને સરકાર તરફથી તમામ સહાયની ખાતરી આપી હતી. આ અગાઉ શ્રી સંઘવીએ રાજકોટમાં પોલીસ અધિકારીઓ-વકીલો સાથેની બેઠક યોજી હતી. બેઠકમાં ગુનાખોરોમાં કાયદાનો ભય અને નાગરિકો સુરક્ષિત અનુભવે તેવું વાતાવરણ જાળવવા પર ભાર મુકાયો. બેઠકમાં શ્રી સંઘવીએ રીઢા ગુનેગારોને કડક સજા થાય તે માટે વકીલોની ભૂમિકાને મહત્વની ગણાવી હતી.

. . . . . . . . . .

RAJKOT POLICE STATION

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું રાજ્યમાં સાયબર ક્રાઈમને પહોંચી વળવા માટે વધુ ટીમો અને વ્યવસ્થાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજી પટેલના હસ્તે રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ પ્રસંગે શ્રી સંઘવીએ આ મુજબ જણાવ્યુ હતું. તેમણે ઉમેર્યું કે, ટેકનોલોજીનો વ્યાપ જ્યારે વધી રહ્યો છે, ત્યારે સાયબર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધતા તેના નિવારણ માટે રાજકોટ રેન્જ સાયબર પોલીસ સ્ટેશન થકી રાજકોટ, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકાના નાગરિકોને સાયબર ક્રાઈમ સંબંધી ગુનામાં વધુ ઝડપી ન્યાય મળશે. ડિજિટલ અરેસ્ટ અંગે લોકોએ સાવધ થઈ, આવી બનતી ઘટના સમયે શરમ અને સામાજિક ડર છોડી તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા શ્રી સંઘવીએ અનુરોધ કર્યો.

. . . . . . . . . .

## CM MEDICAL VAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ માટે મોબાઈલ મેડીકલ યુનિટના અમદાવાદથી લોકાર્પણ કર્યા હતા. ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતિ ઉજવણી વર્ષ નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખા અને આરઈસી ફાઉન્ડેશન, દિલ્હીના સંયુક્ત ઉપક્રમે નવી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના વાઈસ ચેરમેન  ડૉ.અજય દેસાઈએ જણાવ્યુ હતું કે આ પહેલ દ્વારા આદિજાતિ વિસ્તારોમાં ઘર આંગણે આરોગ્ય સેવા પહોંચાડવાનું સપનું સાકાર થશે.

. . . . . . . . . . .

## GOVERNOR PATAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આજે પાટણ યુનિવર્સિટી ખાતે જુદી જુદી 10 ફેકલ્ટીના કુલ 444 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા. આ ઉપરાંત બે શિક્ષણવિદો પ્રોફેસર કપિલ કપૂર અને પ્રોફેસર ઈન્દુમતી કાટદરે ને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની ડી. લિટ. ની માનદ પદવી એનાયત કરવામાં આવી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી તેમજ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. કિશોરચંદ્ર પોરીયા સહિત અધિકારીઓ, યુનિવર્સિટી સત્તા મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . .

## GANDHINAGAR ACCIDENT

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં કારચાલકે વાહનોને અડફેટે લેતા બે લોકોના મોત થયા છે જ્યારે ત્રણને ઈજાઓ પહોંચી છે. રાંદેસણ નજીક સર્વિસ રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. આ અંગે જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમશેટ્ટીએ જણાવ્યુ કારચાલકની ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . .

## GUJARAT RAIN

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 55 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. કચ્છ વિસ્તારમાં સૌથી વધુ 64 ટકા વરસાદ વરસ્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની યાદીમાં જણાવ્યાઅનુસાર રાજ્યમાં 28 જળાશય સંપૂર્ણ ભરાયા છે. આ ઉપરાંત 48 જળાશયને હાઈ એલર્ટ, 19 ને એલર્ટ તથા 23 જળાશયને વોર્નીંગ આપવામાં આવી છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં હાલ 59.42 ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

રાજ્યમાં કુલ ૨૦૬ ડેમો પૈકી ૬૨ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૪૧ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા તથા ૩૮ ડેમ ૨૫ ટકાથી ૫૦ ટકા જેટલા ભરાયા છે. આજે દક્ષિણ ગુજરાતનાં વલસાડ, ડાંગ, નવસારી, સુરત સહિતના જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આજે રાજ્યના 35 તાલુકામાં વરસાદ નોંધાયો છે.

વલસાડના કપરાડામાં સૌથી વધુ દોઢ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ધરમપુર, ઉમરગામ અને વાપીમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો છે.

. . . . . . . . . .

## SHRAVAN MAAH

પવિત્ર શ્રાવણ માસના આરંભ આજે વહેલી સવારથી જ શીવમંદિરોમાં શીવલિંગ પર જળાભિષેક તેમજ વિશેષ પૂજા કરવા માટે મંદિરોમાં ભક્તજનોની લાંબી કતારો લાગી હતી.

મહેસાણા જિલ્લાથી અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે વડનગર ખાતે આવેલ હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે કમળના ફૂલોથી શિવની પૂજા પણ કરવામાં આવી હતી..

ભાવનગર જિલ્લા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે જિલ્લા નાશિવાલયોમાં  શ્રાવણ માસ દરમ્યાન શિવજીને દૂધ, શેરડીનો રસ અને બિલ્વ પત્રના અભિષેક, રુદ્રી, લઘુરુદ્ર, રાત્રી પૂજા અને મહાપ્રસાદના આયોજનોની સાથે  શિવાલયોમાં શિવલિંગને દરરોજ આકર્ષક આંગી કરવામાં આવશે.

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં આવેલ 592 વર્ષ પૌરાણિક લુણેશ્વર મહાદેવ મંદિર પણ શિવ ભક્તોના ૐ નમઃ શિવાયના શિવ નાદથી ગુંજી ઉઠ્યું હતું.

દ્વારકાથી અમારા પ્રતિનિધિ કરણ જોશી જણાવે છે કે આજે દ્વાદશ જ્યોર્તિલિંગ નાગેશ્વર મંદિરે સવારથી ભક્તોની ભીડ ઉમટી હતી.

. . . . . . . . . .